

# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧




રમતા હતા એ દેશ માટે, સલામ થઇ જાય છે,
હવે રમતવીરોનું આજે, લીલામ થઇ જાય છે,
પૈસા પાછલ પાગલ ક્રિકેટરો ઊભા બજારમાં -
વેંચાય છે ખૂદ, ધનિકોના ગુલામ થઇ જાય છે.
(આઇપીએલ ગુજરી બજાર)

હસ્યા કરે છે,
સત્તાનો દીવો જોઇ -
ચઢી છે ભાંગ...

બધું છે અહીં -
શિવાય, સિવાયનું -
મોહરાત્રિમાં..




## ચિંતન

**મા જીવન્યઃ પરાવજ્ઞા દુઃખદગ્ધો અપિ જીવતિ । તસ્યાજનનિ રેવાસ્તુ જનની કલેશ કારિણઃ ॥**

'પારકાના તિરસ્કારથી અપમાનિત થવાના દુઃખથી બળ તો એવો માણસ જીવતો હોય તેના કરતાં ન જીવે એ તો વધારે સારું. માતાને કલેશ આપનાર પીડા આપીને દુખી કરનાર આવાં સંતાન થવા કરતાં માતા તેને જન્મ જ ન આપે, તે જ સારું..'

જીવન ગૌરવભેર, ઊચું મસ્તક રાખી, સ્વમાનથી જીવવું જોઇએ - બધાના અપમાન સહન કરી, ઠપકા-સલાહ સાંભળી - હડધૂત થઇને જીવવાનો કોઇ અર્થ નથી જે વિદ્યા અને કૌશલ્યથી સંપન્ન છે એ જ ગૌરવભેર જીવન જીવી શકે છે.

ચારિત્ર્યહીન અને અપમાનિત જીવન જીવતો અને માતા-પિતા-વડીલો માટે બોજરૂપ અને ત્રાસદાયક એવાં સંતાન હોવા કરતાં તો નિઃસંતાન માતા-પિતા વધારે સુખી હોય છે.

આ શ્લોકમાં સદ્ગુણોથી સંપન્ન સાત્ત્વિક જીવનાર અને મા-બાપની આંતરડી ઠારે એવાં સંતાન હોવા જરૂરી છે - એમ કહેવામાં આવ્યું છે.

## સુવિચાર

- માણસનાં મનમાંથી જ યુદ્ધોનો પ્રારંભ થાય છે.. આથી શાંતિનાં ઉપાયો પણ માણસનાં મનમાં જ થવા જોઇએ - **રજનીશ**
- વ્યવહારમાં જો સંબંધોનો ગુણાકાર થાય તો દુઃખોનો ભાગાકાર થઇ જાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- કોઇ પણ માણસ ૧૭મી કે ૧૯મી સદીમાં એક સાથે રહી શકતો નથી - **સંત માર્ક**
- સૌંદર્યનો આદર્શ સાદાઇ અને શાંતિ છે - **જનકલ્યાણ**
- 'ક્ષમા' નાગ પાસે શોભે જેની પાસે ઝેર છે.. જે દન્તહીન અને વિષરહિત હોય તેની ક્ષમાનો શો અર્થ છે! - **સ્પેનીશ કહેવત**
- આપણું મોટાભાગનું અજ્ઞાન નાબૂદ થઇ શકે તેવું છે.. આપણે કંઇ જાણતા નથી, એનું કારણ એ છે કે, આપણે એ જાણવા ઇચ્છતા નથી - **આલ્બર્ટ હસ્કલી**
- માણસ વૃદ્ધ થાય છે.. પણ લોભ કદી વૃદ્ધ થતો નથી - **સુદર્શન**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

આપણું બાળક ભણવામાં, ચારિત્ર્યમાં, સંસ્કારમાં આચરણમાં નબળું પડે ત્યારે આપણે તેને આળશું, કે બેદરકાર કહી તેને ઠપકો આપીએ છીએ ખરેખર તો દોષ આપણા ઉછેર અને એમાં આપણી જ કાળજીની ખામી હોય છે - આપણે તેના પર પૂરતું ધ્યાન આપતા નથી..

ગાંધીજી જયારે તરૂણ અવસ્થામાં 'મોહન' હતો અને માધ્યમિક શિક્ષણ સમયે કુસંગે ચઢી ગયો હતો ત્યારે વ્યસન અને ઉધારીમાં દેવું થઇ ગયું હતું. મિત્રો ઉઘરાણી કરવા લાગ્યા.

મોહને, પિતાજીની ચેન (સોનાની) માંથી થોડી કડીઓ કાપી લીધી અને ચોરી કરી દેવું ચૂકવી દીધું.

પિતાજીને ચેન પહેરતાં જ ખબર પડી ગઇ. અને મોહન સવારથી જ આંખમાં આંખ પરોવી વાત નો'તો કરતો અને વાત કરતાં પણ થોથવાતો હતો. અનુભવી પિતા મોહનના વર્તન પરથી જ તાળો મેળવી સત્ય સમજી ગયા.

પિતાએ મોહનને પોતાના ખંડમાં બોલાવી એટલું જ કહ્યું - તેં જે કંઇ કર્યું છે એની મને ખબર પડી ગઇ છે' અને કબાટ પાછળ પડેલી ઝીણી નેતરની સોટી કાઢી - મોહન ધ્રૂજવા લાગ્યો. પણ આ શું?? પિતાજી પોતાના જ ડાબા હાથમાં સોટી ફરકારવા લાગ્યા. સટાક.. સટાક.. મોહનને કંઇ જ ન કહ્યું - મોહન કહે, બાપુજી, તમે આ શું કરો છો? મને સજા કરો - મેં ચોરી કરી છે.

પિતા કહે, બેટા! સજા મને જ મળવી જોઇએ - કેમ કે મારા ઉછેરમાં કંઇક કસર રહી ગઇ. નહીં તો મારો દીકરો ચોરી કેમ કરે?!

Email - sureshchandrabhatt18@gmail.com

# શું સ્કૉર થયો...?? ખેલો દિલસે, વર્લ્ડકપ લાઓ ફિરસે...!!

## સારા ખેલાડી તો રિટાયર થઇ ગયા, બે ચાર લલ્લુ પંજુ આપું છું તને બને તો એક કપ ઉમેરી આપ, બે વર્લ્ડકપનું ભાથું આપું છું તને

વેલેન્ટાઇન ડે ના દિવસથી જ ક્રિકેટ વર્લ્ડકપની વસંત શરૂ થઇ છે... ટેકનોલોજીના જમાનામાં આજે મોબાઇલમાં સ્કોરથી લઇ જીવંત પ્રસારણ સાથે ક્રિકેટ મેચ જોઇ શકાય છે. આજે આટલા ચમત્કાર થવા છતાં એક શબ્દ કે પ્રશ્ન આજ સુધી પોતાનું આગવું સ્થાન જાળવી શક્યો છે, અને એ છે 'શું સ્કૉર થયો?'

ક્રિકેટના મહાકુંભ જેવા વર્લ્ડ કપની ૧૯૭૫થી શરૂઆત થઇ. અને એ પ્રથમ વર્લ્ડ કપની પ્રથમ મેચમાં પ્રથમ બોલ ફેંકવાનું સૌજન્ય મદનલાલને મળ્યું. આજે તો ૫૦ ઓવરની મેચ રમાય છે. પણ પ્રથમ વર્લ્ડકપમાં ૬૦ ઓવરની મેચ રમાતી. એ પ્રથમ મેચમાં જ આપણા લીટલ માસ્ટર સુનિલ ગાવસ્કરે પુરી ૬૦ ઓવર ટકી, ૧૭૪ બોલમાં માત્ર ૩૬ રન બનાવી નોટ આઉટ રહેલો. આજની તારીખે આ રેકોર્ડ અકબંધ છે અને હવે તૂટવાની કોઇ શકયતા નથી!

૧૯૭૯માં બીજો વર્લ્ડકપ રમાયો અને એમાં ભારતીય ટીમમાં કપિલદેવ, સંદિપ પાટીલની એન્ટ્રી થઇ. ગાવસ્કર, વિશ્વનાથ, બેદીને ટેસ્ટ મેચ રમવાની આદત ભારતને નડતર રૂપ બની અને ફટાફટ સ્કોર ન બનાવી શકતા પહેલાં જ રાઉન્ડરમાં એક મેચ જીત્યા વગર બહાર થઇ ગયા... આ વર્લ્ડકપમાં બિશનસિંગ બેદીએ એના સ્પેલની ૧૨માંથી નવ ઓવર મેઇનડ નાંખેલી. જે એક વિશ્વરેકોર્ડ પણ હવે તૂટવાની કોઇ શકયતા દેખાતી નથી... ભલે ભારતનો સ્કોર જાણવા જેવો નહોતો પણ બેદીને બધા યાદ રાખે છે!




**—સંજય થોરાત**

hellogandhinagar@gmail.com

આ બંને વર્લ્ડકપ વખતે વાલ્વવાળા મોટા રેડિયો, અને એના માટે ઝાળીવાલા મોટા બેલ્ટ જેવું એન્ટેના રહેતું. અને લોકો માત્ર શું સ્કોર થયો? ના સવાલ જવાબથી મેચની મજા માણતાં...

૧૯૮૩નો વર્લ્ડકપ અને કપિલદેવ બંને એકબીજાના પર્યાય બની રહ્યા. ગાવસ્કર અને મોહિન્દર સાથે બે ખેલાડી અગાઉના વર્લ્ડકપના બાકી બધાં નવા સવા. કોઇએ ભારતીય ટીમની નોંધ સુદ્ધા નહોતી લીધી... ઝિમ્બાબ્વે સામે ભારતની ૧૭ રનમાં પાંચ વિકેટ પડી ગયેલી અને હરિકેન કપિલદેવે એકલા હાથે ગદા ફેરવતા ૧૬ ચોગ્ગા અને ૬ છગ્ગા સાથે અણનમ ૧૭૫ રન ઠોકી દીધેલા. બ્રિટીશ બ્રોડકાસ્ટીંગ એ દિવસે હડતાળ પર હોવાથી એ મેચનું રેકોર્ડીંગ થઇ શકેલું નહીં! ફાઇનલ મેચમાં કપિલદેવના જ બે કલાસિક કેચથી અને મોહિન્દરના મેજીક સ્પેલથી વેસ્ટ ઇન્ડિઝ ધરાશાહી થઇ ગયું અને ભારત વર્લ્ડ ચેમ્પિયન બન્યું...

૧૯૮૭માં ફરી એ જ કપિલદેવની ટીમના નવા ચહેરા હતા અને ભારતમાં જ સ્પર્ધા હતી. સેમિ ફાઇનલમાં ગ્રેહામ ગુચના સ્વીપ શૉટથી ભારત રન બચાવી ન શક્યું અને બહાર ફેકાયું.... આ વર્લ્ડકપની બે યાદગાર ઘટના એટલે ન્યુઝીલેન્ડ સામે ભારતનો ઊંચા રનરેટથી જીતવાનું હતું અને ગાવસ્કરે એના સ્વભાવથી વિરુદ્ધ બેટીંગ કરી વનડેની એકમાત્ર સદી ફટકારી એનો આક્રમક મિજાજ બતાવ્યો. ચેતન શર્માએ એ મેચમાં હેટ્રીક લીધી અને ત્રણેય બેસ્ટમેનને બોલ્ડ આઉટ કર્યા...

૧૯૯૨માં શાર્પ ફિલ્ડર અને લવલી બેટ્સમેન અઝહરૂદ્દીન કેપ્ટન બન્યો. તેંડુલકરનો પ્રથમ વર્લ્ડકપ, માંજરેકર, જાડેજા, શાસ્ત્રી, પ્રભાકર, મોરે વારાફરતી સારું રમ્યાં પણ સેમિ ફાઇનલ સુધી ન પહોંચી શક્યા. પાકિસ્તાન સામેની મેચમાં મોરે - મિયાદાંદની બબાલમાં મિયાદાંદે દેડકા જેવા ખુબ કુદકા લગાવ્યા જે પ્રસંગ યાદગાર બની રહ્યો. કપીલદેવનો આ છેલ્લો વર્લ્ડકપ બની રહ્યો!

૧૯૯૬માં ફરી મોહમ્મદ અઝહરૂદ્દીન વધુ પરિપકવ બનીને આવ્યો. ક્વાટર ફાઇનલમાં પાકિસ્તાન સામેની મેચમાં વેંકટેશ પ્રસાદના બોલને બાઉન્ડ્રી બહાર મોકલી આમિર સોહેબે પ્રસાદને બેટ બતાવ્યું અને એ જ ઓવરમાં પ્રસાદે એને બોલ્ડ કરી પેવેલિયનનો રસ્તો બતાવ્યો એ ઘટના આજેય સૌને યાદ છે... સેમિ ફાઇનલમાં શ્રીલંકા સામે ઇડન ગાર્ડનમાં રમાયેલી મેચમાં ભારતનાં બેટ્સમેનો પાણીમાં બેસી ગયા. વિનોદ કાંબલી ક્રિજ પર હોવા છતાં રન ન કરી શક્યો અને ક્રિકેટ ઘેલા કલકત્તાના પ્રેક્ષકોએ તોફાન મચાવ્યું અને કાંબલી મેદાન પર જ રડી પડ્યો... સરવાળે ભારત સ્પર્ધામાંથી બહાર...

૧૯૯૯માં ત્રીજીવાર વર્લ્ડકપ ટીમની કેપ્ટન્સી મેળવનાર મોહમ્મદ અઝહરૂદ્દીનને નાલેશી સાથે હાર સ્વીકારી પડી. ગાંગુલી, તેંડુલકર અને પ્રસાદે એક એક મેચમાં જીત આપવી, પણ બાકી કોઇ કશું ઉકાળી શક્યા નહીં. પાકિસ્તાન ભારત સામે હાર્યું પણ ફાઇનલમાં પહોંચ્યું પણ શેનવોર્ન અને મેગ્રાથે કહર મચાવ્યો અને પાકિસ્તાન કારમી પછડાટ સાથે હાર્યું... આ વર્લ્ડકપમાં ભારતના ભાગે યાદ રાખવા જેવું કશું ના આવ્યું.

૨૦૦૩માં વર્લ્ડકપમાં ગાંગુલી કપ્તાન બન્યો. આ ટીમ એક જોરદાર ટીમ હતી. સચિન - સહેવાગ - ગાંગુલી - દ્રવિડ - કુંબલે - હરભજન - બધાં જ ફોર્મમાં હતા. પાકિસ્તાન સામેની સચિન-સહેવાગની બેટીંગ અને કવર પરથી મારેલી સિકસરો કોઇ ભૂલ્યું નથી. નહેરાનો સ્પેલ અને પક્ષી ઉડાડતો પોઝ, કેન્યા સામે ગાંગુલીની બેટીંગ અને સરવાળે ભારત ફાઇનલમાં... ગિલક્રિસ્ટ-પોન્ટીંગ અને માર્ટીને ૩૫૯નો સ્કોર ઊભો કરતાં જ મોટા ભાગનાં હતાશ હતા એમા માસ્ટર બ્લાસ્ટર સચિન ચાર રને આઉટ થતાં બધાનાં ટીવી બંધ થઇ ગયા...

૨૦૦૭ દ્રવિડ કેપ્ટન હતો ટીમ ધૂંવાધાર હતી પણ પહેલાં જ રાઉન્ડમાં જ શ્રીલંકા અને બાંગ્લાદેશ સામે હારીને ભારત ઘરભેગું થઇ ગયું. લગભગ ૨૦૦૩ના જ ખેલાડી ધરાવતી ટીમની આવી નાલેશીભરી પછડાટ પ્રેક્ષકો માટે આઘાતજનક રહી!!

૨૦૧૧નો વર્લ્ડકપ અને હેલિકોપ્ટર શોટના સર્જક મહેન્દ્રસિંહ ધોનીની કેપ્ટન્સી સાથે વર્લ્ડ ચેમ્પિયન બન્યા હતા. આ સચિનનો છેલ્લો વર્લ્ડકપ હતો અને સચિને ધરખમ દેખાવ કરતાં પોતાની હાજરી સાર્થક બનાવી. યુવરાજસિંહ મેન ઓફ ધ સિરીઝ બન્યો... ગંભીર - ધોનીએ ફાઇનલમાં સ્ફોટક બેટીંગ કરી. ભારત વર્લ્ડ ચેમ્પિયન બનતા યુસુફ પઠાણે સચિનના હાથમાં ત્રિરંગો આપી પોતાના ખભે બેસાડી આખા મેદાન ફરતે ચક્કર માર્યું... સચિન સળંગ છ વર્લ્ડકપ રમ્યો અને વિજેતા ટીમના ટાઇટલ સાથે વિદાય પણ થયો...

૨૦૧૫માં ફરી વિનર કોપ્ટન ધોની બિરાજે છે. ૨૦૧૧ની ટીમના મોટા ભાગના ખેલાડી રિયાટર્ડ થઇ ગયા છે અને બાકીના આઉટ ઓફ ફોર્મ હોવાથી બાદ થઇ ગયા છે. ૨૦૧૧ની તુલનામાં આ વખતની ભારતીય ટીમ લલ્લુ-પંજુ જેવી જ લાગે છે. પાકિસ્તાન સામેનો જંગ જીતી ગયેલી ભારતીય ટીમ સેમિફાઇનલમાં પહોંચે તો ભાગ્યશાળી કહેવાય છે.




૧૯૭૫થી લઇ ૨૦૧૧ સુધી આટલા ક્રિકેટમાં ઉલટફેર થયા છતાંય પેલો શું સ્કૉર થયો? પ્રશ્ન આજેય બધાં પ્રેમથી પૂછે છે. કોઇ ઓળખાણ વિના, નાત-જાત, સ્થળ, ઉચ-નીચના ભેદભાવ સિવાયનો આ પ્રશ્ન અને એના જવાબ બધાંને પાસે લાવી દે છે... રેડિયોના જમાનામાં સ્કૉર સાંભળવો અને બીજાને કહેવાનોય લ્હાવો હતો. દુકાન કે પાનના ગલ્લા પરની ભીડ તો સામાન્ય હતી. ઓફિસ કે સ્કૂલ કૉલેજની ટૉયલેટમાં રેડિયો સ્કોર માટે લટકાવી રખાતો...

૬૦ ઓવરની મેચો આજે ૫૦ ઓવરે આવી છે. દરેક બેટ્સમેનોનો સ્ટ્રાઇક રેટ જબરદસ્ત છે. દિવાનખાનામાં એલ.ઇ.ડી. ટીવી આવી ગયા છે. મોટી મેચો મલ્ટીપ્લેક્ષમાં પણ ખાણી પીણી સાથે દર્શાવાય છે... બધું જ છે અને છતાંય 'શું સ્કૉર થયો?' નો પ્રશ્ન અને એના જવાબ એટલો જ રોમાંચક છે.

**ચૂંટલો :**

'ખેલો દિલસે, વર્લ્ડકપ લાઓ ફિરસે' સાથે ક્રિકેટને પાનો ચઢાવાય છે. બબ્બે વર્લ્ડકપ જીત્યાનો સુવર્ણ ઇતિહાસ છે. છતાંય આ વખતની આપણી ક્રિકેટ ટીમ માટે 'શું સ્કૉર થયો?' જેવું પૂછવાનો રોમાંચ નથી. 'જીત હમારી હૈ' સાથે ભારતીય ક્રિકેટરો રમશે તો ફરી સવાલ ઉઠશે જ કે 'બૉસ શું સ્કૉર થયો?'.

# નાથુ વૃક્ષો પર બેઠેલા પંખીઓ સાથે વાતો કરી શકતો હતો, પણ દુનિયાની નજરે એ ગાંડપણ લાગતું હતું, દુનિયાની નજરે તો સફળતા એને જ કહેવાય કે મોટો બંગલો હોય, સારો ધંધો રોજગાર હોય અને ગાડી હોય...

**નવાં કલેવર**

**- નટવર હેડાઉ**

દુનિયા ભલે તેને ગાંડો સમજે પણ નાથુસિંહ શરૂથી એવો નહોતો. જયારે સમજણો થયો ત્યારે દાદીના ખોળામાં હતો.

નાનકડું ઘર, એવું જ નાનું આંગળું અને સામે નાનો કુવો. સાંજ થતાં જ તુલસી કયારે દીવો કરી દાદીમાં બધા ભગવાનોની પૂજા શરૂ કરી દેતો.

શરૂઆત ગણેશજીથી થતી. પછી રામ, ભગવાન શંકર, વિષ્ણુ ભગવાન, દુર્ગા મા, લક્ષ્મી મા, સરસ્વતી દેવી, કૃષ્ણ-કનૈયાથી લઇને ભૈરવ મહારાજની આરતી સુધી પહોંચે ત્યારે તેનું મન ભરાતું.

નાનકડા નાથુના હૃદયમાં બધા ભગવાન પોતપોતાના આસન પર હંમેશ માટે બિરાજમાન થઇ ગયા હતા. પછી જરા ચાલતાં શિખ્યો અને તોતડી ભાષામાં બોલવા લાગ્યો એટલે દાદીમાંને તેને સ્કૂલમાં મોકલવાની ચિંતા થવા લાગી. ટીચરને સમજાવી - પટાવી થોડી વિનવણી કરી દાદીમાંએ તેની ઉંમર કરતાં વહેલાં નાથુને બીજાં મોટા છોકરાઓ સાથે કલાસમાં બેસાડવાનું શરૂ કરાવી દીધું હતું. નાથુના કાનમાં આંખો દિસવ, ક, ખ, ગ અને આંક ગુંજતા... અને સાંજે બધી આરતીઓ...

તેના હૃદયમાં દુનિયાદારીના કાવાદાવા પ્રવેશ્યા ન હતા. જુઠ કોને કહેવાય તેની ખબર ન હતી. છળકપટ તેને સ્પર્શી શક્યું ન હતું. તેનું મન સ્વચ્છ હતું. તાજા ફૂટેલા ઝરણા જેવું સ્વચ્છ અને પારદર્શક... જરા વધુ મોટો થયો એટલે ભણવા ગણવા લાગ્યો.

વિજ્ઞાનની ચોપડીમાં જયારે તે છોડની બાબતમાં વાંચતો ત્યારે તેને ખુબ સંતોષ મળતો. અને એક સંવેદના જાગતી. નાથુ ખુબ ધ્યાનપૂર્વક છોડ વિશે જાણવા આતુર રહેતો. જયારે કોઇ વૃક્ષ કે વેલી પાસે જાય ત્યારે નાથુ તેને સ્પર્શીને એક નવો જ અનુભવ કરતો. તેને એમ લાગતું કે જાણે આ છોડવાઓ અને વૃક્ષો તેને કંઇક કહેવા માંગે છે.

ધીરે ધીરે તેને એવું લાગવા માંડ્યુ કે તે વૃક્ષો અને છોડવાઓ સાથે સારી રીતે વાત કરી શકે છે. તેમાં કંઇ મુશ્કેલી જેવું નથી. વૃક્ષ તેને બતાવતાં તે કયો વાંદરો તેની ડાળ ને તોડે છે એન કઇ ગાય તેની નમેળી ડાળો પરથી પાંદડાં ખાઇ જાય છે. નાથુ વાંદરા કે ગાયને ભગાડીને વૃક્ષનું કષ્ટ દૂર કરતો અને પ્રેમથી તેના થડ પર હાથ ફેરવતો. તો ઝાડ પણ પોતાની ડાળખીઓ નમાવીને નાથુને વળગી પડતું અને પ્રેમ કરતું. આવું બધુ થવાના કારણે કોઇ છોકરા નાથુના મિત્ર બન્યા ન હતા. કોઇને તેની વાત સમજાતી ન હતી. જો કે છોકરાઓને તકલીફ એ વાતની હતી કે નાથુ હંમેશા ખુશમિજાજમાં રહેતો હતો. કયારેક ગુસ્સો નહીં કે ગાળાગાળી નહીં...

પણ પછી એવું બન્યું કે એક દિવસ નાથુની દાદીમાંને ભગવાને તેના ઘરે બોલાવી લીધા. એવું પણ ન વિચાર્યું કે નાથું આ જુલમી દુનિયામાં એકલો પડી જશે.

હવે નાથુ પર મુસીબતોના પહાડ તૂટવાના શરૂ થઇ ગયા. દુનિયાદારીની સમજણ તો તેનામાં હતી નહીં. તેથી દૂરના સંબંધીઓ મગરનાં આંસુ વહાવીને તેની માલ મિલકત પડાવી લેવા લાગ્યા. હવે નાથુ પાસે ઘર સિવાય કંઇ રહ્યું નહીં એટલે એ બધાં પોતપોતાને રસ્તે પડી ગયા.

તેના દુઃખમાં ભાગીદાર થનાર માત્ર તેના આંગણાંના છોડ અને ઝાડ જ હતાં. જે ઝાડના થડને બાથ ભરીને નાથુ રોતો. તે પોતાની ડાળો નમાવીને તેના માથે હાથ ફેરવતાં અને તેને છાનો રાખતાં.

એવું કહેવાય છે ને કે કોઇ મુસીબત એકલી આવતી નથી. જયાં એક બાજુ દાદીમાંના જતાં રહેવાનું દુઃખ હતું તો બીજી તરફ પેટ ભરવાનો સવાલ, તો ત્રીજી તરફ સ્કૂલની ફી ભરવાના પૈસા નહોતા. મજબુરીમાં ભણવાનું છોડવું પડ્યું.

કોઇ આશરો નહોતો, કંઇ સમજણ પડતી નહોતી કે શું કરવું ત્યારે તેને યાદ આવ્યું. દાદીમાં કહેતા કે નોંધારાનો આધાર ભગવાન છે.

નાથુ ગામના મંદિરના પગથિયે જઇને બેસી ગયો. બે દિવસ ભૂખ્યો-તરસ્યો બેસી રહ્યો. ત્યારે પુજારીને દયા આવી ગઇ. તેને મંદિરમાં સાફસફાઇ કરવાનું કામ આપ્યું. તેના બદલે બે ટાઇમનું ખાવાનું આપવાનું નક્કી થયું.

હવે નાથુ રાજી થતો થતો મંદિરની ફર્શ અને પગથિયાં તેમજ આંગણું સાફ કરતો અને મંદિરની આજુબાજુની ખુલ્લી જમીનમાં કોણ જાણે કયાં કયાંથી લાવીને નવા છોડ વાવતો. તેના હાથે વાવેલા છોડવાઓ તેનાં મૂળીયાં એ રીતે ફેલાવતાં જાણે કે કોઇ પંખી તેની ચાંચમાં દાણા લાવી લાવીને બચ્ચાને ખવડાવતું હોય અને તે ખુશ થઇને ખાતાં હોય. છોડવાઓ તેની સામાન્ય ઝડપ કરતાં જલ્દી મોટા થઇ જતા.

થોડાં જ દિવસોમાં મંદિરની શકલ બદલાઇ ગઇ. એક તરફ મંદિરની ફર્શ એવી ચમકતી જાણે તેમાં ચહેરો જોઇ શકાય. તો બીજી તરફ હરિયાળી વધી ગઇ હતી. કેટલાંક રંગબેરંગી ફૂલો મંદિરની ચારેબાજુ બાળકોની જેમ ખીલખીલવા લાગ્યાં.

નાથુની તો જિંદગી જ બદલાઇ ગઇ. સવારે દિવસ ઉગ્યા પહેલાં એ ઘેરતી ન્હાઇ ધોઇને નીકળી પડતો. કોઇ ભજન ગણગણતો મંદિરને ઘસી ઘસીને ચોખ્ખું કરતો. મજાલ છે કે જરા ય કયાંક ધૂળ રહી જાય કે કયાંક બાવું જાળું રહી જાય. પછી એ ડોલમાં પાણી ભરી એક એક છોડવાની પાસે જતો અને દરેકની સાથે વાતચીત કરતો તેમના ખબરઅંતર પૂછતો અને પાણી સીંચતો કોઇ છોડ બિમાર હોય તો તેના મૂળમાં હળદરવાળું દૂધ લાવીને નાંખતો કેમ કે જયારે મને શરદી કે ખાંસી થતી ત્યારે તેના દાદીમાં તેને હળદરવાળું દૂધ પીવડાવતાં.

બધા ઝાડનાં તેને નામ રાખેલાં, નામ પણ ગમી જાય એવાં હુલામણાં જેમ કે ગલ્લુ, ટીબ્બુ, તિલ્લુ, નાનુ, મુન્નુ, પુન્નુ, ભોલુ અને લીલીયુ. એવા જાત જાતના નામો, તેને એમ લાગે કે આ ઝાડ ઊભા ઊભા થાકી ગયું છે તો તેના થઢને એવી રીતે દબાવતો જેમ કોઇ બાળક પોતાના થાકેલા પપ્પાના પગ દબાવતો હોય.

યુવાનીએ હવે નાથુના જીવનનાં આંગણામાં પગલાં પાડી દીધા હતા. જુવાનીનો જાદુ એવો ચાલ્યો કે તેનો ચહેરો ચમકી ઉઠ્યો. આંખોમાં ચમક આવી અને મુખ પર સંત-તપસ્વી જેવા શાંત ભાવ...

હવે નાથુ વૃક્ષો પર બેઠેલા પંખીઓ સાથે વાતો કરી શકતો હતો. પણ દુનિયાની નજરે એ ગાંડપણ લાગતું હતું. દુનિયાની નજરે તો સફળતા એને જ કહેવાય કે મોટો બંગલો હોય, સારો ધંધો રોજગાર હોય અને ગાડી હોય....

આખું ગામ તેને ઝાડ અને પંખીઓ સાથે વાતો કરતો જોઇને હસતું. નાથુ માટે તો ભગવાન અને ઝાડ, છોડ તેમજ પક્ષીઓ સિવાય દુનિયામાં બીજું કંઇ ન હતું. બે ટાઇમનું ભોજન પ્રસાદમાંથી મળી જતું. બે જોડી કપડાં, રાતે માથે છાપરું અને એક કુવો... બસ બીજું તેને જોઇએ પણ શું.

ગામમાં આધુનિકતાનો પવન વાતો હતો. તે સાથે શહેરનાં દૂષણો પ્રવેશવા લાગ્યા હતા. તેની ગામમાં ગોટાળાઓ થવા લાગ્યા હતા. પણ એ બધાથી બેખબર નાથુ તો પોતાની દુનિયામાં મસ્ત રહેતો.

એમાં એવું થયું કે એક વરસ વરસાદ ન થયો. હાહાકાર મચી ગયો. બધાના કુવા સુકાઇ ગયા. માણસો અને પશુઓની સાથે સાથે છોડવાઓ અને વૃક્ષો પણ તપસ્યા થઇ ગયા. પણ આશ્ચર્યની વાત એ હતી કે નાથુના નાનકડા કુવામાં પાણી હતું. તેણે સૌને પીવા માટે પોતાના કુવા પર છૂટ આપી. એમ લાગતું હતું કે જાણે કે કુબેરે પોતાનો ભંડાર ખોલી દીધો હોય. આખું ગામ તેના કુવેથી પાણી ભરતું અને તરસ છીપાવતું હતું. નાથુ સવારે મંદિરે આવે ત્યારે પાણીની ડોલ ભરી લાવતો અને થોડુ થોડુ પાણી બધા વૃક્ષોને સીંચતો, પક્ષી માટે માટીની ક્રીબમાં પાણી ભરતો. ત્યારે પંખીના ઝુંડો તેનું મુકેલું પાણી પીવા આવતાં. ત્યારે બધાને એ આશ્વાસન આપતો કે બહુ જલદી વરસાદ થશે અને સૌને પુરતું પાણી મળશે.

તેનો નાનકડો કુવો કયાં સુધી ઝીંક ઝાલે. એમાં પાણી ખૂટ્યું, કુવો સુકાયો, નાથુને પોતે તરસ્યો રહે એનું દુઃખ નહોતું પણ એ જયારે ઝાડ અને છોડવાઓને સુકાતાં જોતો ત્યારે તેની આંખમાં આંસુ આવી જતા હતા પણ એ આંસુ વૃક્ષોની તરસ છીપવી શકે એટલા નહોતા. તેના મંદિરના આંગણામાં વાવેલા છોડ પર ફૂલો કરમાવા લાગ્યા. તે કરમાતા ફૂલોની સામે એ રીતે જોતો જેમ કોઇ બાપ તાવથી ધગધગતા પોતાના બાળકને જોતો ન હોય. રાતદિવસ ઝાડોની પાસે બેસી એ દિલાસો દેતો કે વાદળા આવે છે એ બહુ જલદી વરસી પડશે. પણ જયારે દુષ્કાળની સ્થિતિ ઊભી થઇ તો નાથુથી એ સહન ન થયું. તે ભગવાનની મુર્તિની સામે બેસીને વિનંતી કરવા લાગ્યો. પ્રભુ દયા કરો. વરસાદ વરસાવો મારાથી આ બધાનું દુઃખ જોયું જતું નથી. જયારે આખો

**અનુસંધાન પાના નં. ૬ પર**

# લાગણીને વ્યક્ત કરતો શબ્દ અને નિઃશબ્દ લાગણી

**ગુલમહોર**

**- દિનેશ દેસાઇ**

ફ્રાન્સના મહાન દાર્શનિક, વિચારક, નાટ્યકાર-લેખક વોલ્તેયર (૧૬૯૪-૧૭૭૮) એ લખ્યું છે કે - શબ્દનો ઉપયોગ આપણે આપણા વિચારોને છુપાવવા માટે કરતા હોઈએ છીએ. ખરેખર તો શબ્દોથી આપણે આપણા વિચારોને વ્યક્ત કરવાના હોય છે. એ જ રીતે આંસુ આપણી લાગણીઓને વ્યક્ત કરતા હોય છે. આંસુ આપણા મનની પરિસ્થિતિની શાંત પરિભાષા છે. ૮૩ વર્ષની આયુમાં તેમણે ઘણી બધી અમર કૃતિઓ આપી છે. તેમના સાહિત્યમાંથી ઘણાં બધાં વિધાનો અમરવાક્ય તરીકે જાણીતાં બન્યાં છે.

સંબંધોની આરપાર જોવામાં આવે તો લાગણી વ્યક્ત કરવા માટે એકલા શબ્દો જ જરુરી નથી. શબ્દો વિના પણ ઘણું બધું કહી શકાતું હોય છે. મૌનની ભાષા ઘણી બધી અવ્યક્ત વાતને વ્યક્ત કરી દેતી હોય છે. બોલાયેલા શબ્દનું મહત્વ અનેકગણું છે. કેમ કે નહી બોલાયેલા શબ્દોનો માણસ માલિક હોઈ શકે પરંતુ બોલાયેલા શબ્દોનો માણસ ગુલામ બની જતો હોય છે. પોતાના શબ્દો અન્ય વ્યક્તિ માટે કાંટાની શૂળ સમાન પણ બની રહે છે અથવા પોતાના શબ્દો ગુલાબ જેવી મુલાયમી પણ બતાવી શકે છે. બધો આધાર આ વ્યક્ત માધ્યમ ઉપર રહેલો હોય છે.

વોલ્તેયર કહે છે કે પ્રેમ તો એક કેનવાસ જેવો છે. એમાં આપણે આપણી કલ્પનાના રંગો ભરીએ છીએ. આપણી કલાસમજ પ્રમાણે જેમ ચિત્ર દોરીએ, એ જ રીતે આપણી પ્રેમસમજ પ્રમાણે આપણે આપણા પ્રેમનું કેનવાસ સજાવતા હોઈએ છીએ. પ્રેમનું આકાશ અનંત છે અને પ્રેમની ભવ્ય છબી યા ચિત્ર માટે તો આકાશ જેવડું કે ધરતી જેવડું કેનવાસ પણ કદાચ નાનું પડે.

પ્રેમમાં એક વ્યકિત પોતાની સાથી વ્યક્તિના બોલાયેલા શબ્દ સિવાય પણ તેની હાર્ટ બીટ સમજી શકે, તેની લાગણી ઝિલી શકે અને પછી પડઘો પણ પાડી શકે. નિઃશબ્દ લાગણીનો આ જાદુ છે. લાગણીને વ્યક્ત કરવા માટે કદાચ આંખોના હાવભાવ અને આત્મીયતા ઉપરાંત હૃદયના ધબકાર પણ કામ લાગી શકે છે. છતા લાગણીને વ્યક્ત કરતા શબ્દ પણ અમૂલ્ય છે તો નહીં બોલાયેલા શબ્દોમાં સમાયેલી લાગણીની ભવ્યતા પણ સુંદર જ હોય છે.

આપણે જયારે કોઈ વ્યક્તિ વિશે ધારણા બાંધી લઈએ છીએ, એ પહેલા એ વ્યક્તિને મળવું જોઈએ અને તેની સાથે સંવાદ પણ સાધવો જોઈએ. વ્યક્તિને સાંભળવો જોઈએ. વાતચીતનો આધાર એ છે કે આપણે સવાલો સાંભળવા ટેવાયેલા નથી હોતા. ખરેખર તો સવાલ સમજવાની આવડત જરુરી છે. સવાલ સમજી શકાય તો જવાબ તો જડી જ રહેશે. પરંતુ સવાલ સાંભળ્યા વિના જવાબ આપવાનો કે સંવાદ સાધવાથી કોઈ અર્થ રહેશે નહીં. કેટલીક વ્યક્તિ હાજરજવાબી પણ હોઈ શકે. પરંતુ હાજરજવાબપણાથી કશું સિદ્ધ થઈ શકતું નથી.

> ***સંબંધમાં હકારાત્મક દૃષ્ટિકોણ પણ અગત્યનું પરિબળ છે, જયારે આપણે કોઇના વખાણ કરીએ છીએ ત્યારે સામી વ્યક્તિની સારપ પણ આપોઆપ આપણામાં જ આવી જતી હોય છે***

સંબંધમાં હકારાત્મક દૃષ્ટિકોણ પણ અગત્યનું પરિબળ છે. જયારે આપણે કોઈના વખાણ કરીએ, પ્રશંસા કરીએ છીએ ત્યારે સામી વ્યક્તિની સારપ પણ આપોઆપ આપણામાં આવી જતી હોય છે. આ છે હકારાત્મક દૃષ્ટિકોણ. આપણે દર વખતે કોઈ પ્રત્યે આભારનો ભાવ પ્રગટ કરી શકતા નથી. પરંતુ આપણે આભાર વ્યક્ત કરનારી ભાષામાં, આભારના ભાવવાહી શબ્દોમાં વાત તો કરી જ શકીએ છીએ.

સંબંધ પતિ-પત્નીનો હોય કે મા-બાપ, ભાઈ-ભાઈ કે ભાઈ-બહેન અથવા બે મિત્રોનો હોય હંમેશા આવું સાંભળવા મળતું જ હોય છે કે - તમે મને સમજી શક્યા નથી. અથવા તમે મને સમજતા જ નથી. સંબંધમાં સમજણનો સેતુ અસરકારક મહત્વ ધરાવે છે. એકમેકને સમજવું એ જ સંબંધનું સાર્થક્ય છે.

જયારે એકમેક વચ્ચે સમજદારી ખાઈ બની જાય છે ત્યારે ગેરસમજ આકાર લે છે અને કોઈ પણ સંબંધનું અકાળે અવસાન હંમેશા ગેરસમજના કારણે જ થતું હોય છે. દરેક વ્યક્તિ એમ જ માને કે પોતે સાચો છે અને સામી વ્યક્તિએ પોતાની વાત માનવી જોઈએ. હકીકતમાં સિક્કાની બેઉ તરફની બાજુઓ સાચી જ હોય છે. દૃષ્ટિકોણનો ફરક હોય છે. જો એક વ્યક્તિ સામી વ્યક્તિ તરફ ચાલીને જાય અને તેના તરફના સિક્કાની બાજુનું અવલોકન કરે તો તેની બાજુ અથવા તેનો પક્ષ પણ પોતાના પક્ષની જેમ સાચો જ હોવાનો. આપણે આપણી જાતને બીજાના સ્થાને મૂકીને પણ જોવી જોઈએ, એનું નામ સમજણ.

**સ્ટોપર :-**

બોલાયેલા શબ્દો અને નહી બોલાયેલા શબ્દો પણ સમજી શકે એનું નામ લાગણીનો સંબંધ

**- નતાલિયા હેડન**